# પોસઇ ભરતી બોર્ડ-૨૦૨૧

**પોલીસ મહાનિદેશક, તાલીમની કચેરી,**

**૬ઠો માળ, પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૯**

**જાહેરાત ક્રમાંક : PSIRB/202021/1**

પો.સ.ઇ. કેડરની ભરતી પ્રક્રિયા માટે તા.૧૫/૦૩/૨૦૨૧ નારોજ દૈનિક પત્રોમાં જાહેરાત તેમજ વેબસાઇટ ઉપર સુચનાઓ આપવામાં આવેલ અને તે અનુસંધાને તા.૧૬/૦૩/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી OJAS ની વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજીઓ સ્વીકારવામાં આવેલ.

માહે-એપ્રિલમાં યોજાનાર શારીરીક કસોટી કોરોના મહામારીને કારણે તા.૦૭/૦૪/૨૦૨૧ નારોજ મોકુફ રાખવાનું વેબસાઇટ પર જાહેર કરવામાં આવેલ.

પો.સ.ઇ. કેડરની ભરતી પ્રક્રિયામાં જે કોઇ ઉમેદવાર ઓનલાઇન અરજી કરી શકયા ન હોય તેઓને એક તક મળે તે હેતુથી ઓનલાઇન અરજીઓ તા.૦૫/૧૦/૨૦૨૧ (બપોરના કલાકઃ ૧૫.૦૦ થી તા.૨૦/૧૦/૨૦૨૧ (રાત્રિના કલાકઃ ૧૧.૫૯) સુધી OJASની વેબસાઇટ ઉપર સ્વીકારવા જાહેરાત કરવામાં આવેલ.

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૪/૧૦/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.૫. માં જણાવ્યા મુજબ "સિધી ભરતી માટેની ઉપલી વય મર્યાદામાં એક વર્ષની છુટછાટ તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા માટે આપવા" જણાવેલ છે.

ઉપરોકત સરકારશ્રીના ઠરાવ આધારે નીચે જણાવેલ સુધારા મુજબ ઓનલાઇન અરજી OJAS ની વેબસાઇટ ઉપર કરી શકે છે.

:: સુચનાઓ ::

(૧) ઓનલાઇન અરજીઓ તા.૦૫/૧૦/૨૦૨૧ (બપોરના કલાકઃ ૧૫.૦૦) થી તા.૨૭/૧૦/૨૦૨૧ (રાત્રિના કલાકઃ ૧૧.૫૯) સુધી OJASની વેબસાઇટ ઉપર સ્વીકારવામાં આવશે.

(૨) તા.૦૫/૧૦/૨૦૨૧ થી તા.૨૭/૧૦/૨૦૨૧ દરમ્યાન ઓનલાઇન અરજી કરનાર ઉમેદવારની વય મર્યાદા તા.૨૭/૧૦/૨૦૨૧ નારોજની સ્થિતીએ ગણવાની રહેશે. તેમજ શૈક્ષણિક લાયકાત, જાતિનું પ્રમાણપત્ર, નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ, NCC "C" સર્ટીફિકેટ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિવર્સિટીનું પ્રમાણપત્ર, રમત-ગમતનું પ્રમાણપત્ર, વિધવાનું પ્રમાણપત્ર સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના સર્ટીફિકેટ તા.૨૭/૧૦/૨૦૨૧ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.

(3) સામાન્ય (General) વર્ગના ઉમેદવારોએ પોસ્ટ ઓફિસ ખાતે ફી ભરવા માટે રૂ.૧૦૦/- તથા પોસ્ટ ઓફીસ સર્વિસ ચાર્જીસના નાણાં રૂ.૧૨/- મળી કુલ રૂ.૧૧૨/- ભરવાના રહેશે અને

ઓનલાઇન ફી ભરવા માટે રૂ.૧૦૦/- તથા સર્વિસ ચાર્જીસના નાણાં રૂ.૫.૯૦/- મળી કુલ રૂ.૧૦૫.૯૦ ભરવાના રહેશે. પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૨૧ (કચેરી સમય સુધી) તથા ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૨૧ (રાત્રિ કલાકઃ ૨૩.૫૯ સુધી) છે.

(૪) ઉપરોકત સુચનાઓ સિવાય તા.૧૫/૦૩/૨૦૨૧ ની જાહેરાત (સુચનાઓ) વિગતવારની સુચનાઓ વાંચી લેવાની રહેશે અને તે બંધનકર્તા રહેશે. (ભરતી બોર્ડની www.psirbgujarat2021.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૧૬/૧૦/૨૦૨૧

(વિકાસ સહાય, IPS)
અધ્યક્ષ પો.સ.ઇ. ભરતી બોર્ડ-૨૦૨૧ અને
પોલીસ મહાનિદેશક (તાલીમ),
ગુજરાત રાજય, ગાંધીનગર.